## ઋણસ્વીકાર

તા. ૧૬/૧૨/૦૯ના રોજ અમારાં માતુશ્રી સરલાબેન માર્કંડરાય દેસાઈનું ૮૪ વર્ષની વયે અવસાન થતાં તે પ્રસંગે ફોન, રૂબરૂ તથા ટપાલ દ્વારા અમને સ્વજનો તરફથી હૂંફ અને દિલાસો મળ્યાં તે માટે અમે તે સૌના ઋણી છીએ..

આ ઉપરાંત તા. ૧૮/૧૨ના રોજ નાગર બોર્ડીંગ હોલ ખાતે રાખવામાં આવેલ પ્રાર્થના સભામાં ઉપસ્થિત અત્યારના અને એમના સમકાલીન જ્ઞાતિજનોની હાજરી સ્વયં શિસ્તભર્યું વાતાવરણ જોઈ જ્ઞાતિ તથા અમારાં માતા-પિતા માટે ગૌરવની લાગણી અનુભવી.

વર્ષોથી નિસ્વાર્થભાવે કામ કરતા સ્મશાન કમિટિના સભ્યોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી પણ આપણા સ્વજનની કોઈ પોતાના જ સ્વજન જેટલી કાળજીથી અંતિમવિધીની જવાબદારી નિસ્વાર્થભાવે સંભાળીને કરે એ દ્રશ્ય જ હજુ માણસજાતમાં શ્રધ્ધા રાખવા માટેનું જીવંત ઉદાહરણ છે.

**સરલાબેન માર્કંડરાય દેસાઈનો**

સંતાન પરિવાર-કલ્યાણ સોસાયટી, રાજકોટ.

## અનંતના યાત્રીઓ :

☯ મુ. શાંતિભાઈના કાર્યકાળ દરમ્યાન 'બરછી'ને મૂલ્યવાન સેવા આપનાર મૂળ વસાવડના શ્રી જસવંતરાય ગુલાબશંકર દેસાઈનું ૯૨ વર્ષની વયે વડોદરા ખાતે અવસાન. બરછી પરિવારના શ્રધ્ધાસુમન. ☯ શ્રી શાંતિલાલ પ્રેમશંકર બુચનું જામનગર ખાતે ૯૫ વર્ષની વયે. ☯ જયેન્દ્રબાળાબેન ભોગીલાલ ધોળકિયાનું ૮૬ વર્ષે જામનગર ખાતે. ☯ અરૂણાબેન અજીતભાઈ વૈશ્નવનું ૮૫ વર્ષની વયે ભાવનગર ખાતે. ☯ શ્રી ભરતભાઈ રમણીકભાઈ મહેતાનું ૮૫ વર્ષની વયે ભાવનગર ખાતે.☯ શ્રી સુખવંતરાય બાલકદાસ નાણાવટીનું ૯૪ વર્ષની વયે અમદાવાદ ખાતે. ☯ ગં. સ્વ. સરલાબેન માર્કંડરાય દેસાઈનું ૮૪ વર્ષની વયે રાજકોટ ખાતે. ☯ શ્રી કૈવલ્ય વામનપ્રસાદ દેસાઈનું અવસાન. ☯ શ્રી બ્રહ્મેશ વામનપ્રસાદ દેસાઈનું ૬૬ વર્ષની વયે અવસાન. ☯ અન્યની સેવા માટે તત્પર,મિલનસાર સ્વભાવના દમયંતિબેન એલ. વસાવડાનું જૂનાગઢ ખાતે અવસાન. ☯ જોધપુરના અમદાવાદ સ્થિત શ્રી રમાકાન્તભાઈ (ગોટીભાઇ) હરીલાલ હાથીનું ૮૨ વર્ષની વયે. ☯ ભુજના હરેશ કે. વૈદ્યનું ૬૨ વર્ષની વયે. ☯ ભુજના અ. સૌ. રક્ષાબેન જ્યોતિષભાઈ અંજારીયાનું ૫૮ વર્ષની વયે. ☯ ભુજના સૌ. ડોલરબેન સી. અંજારીયાનું ભુજ ખાતે. ☯ ભાસ્કરરાય પંડયાનું ૮૯ વર્ષની વયે. ☯ જ્યોતિન્દ્ર નૌતમલાલ ધોળ કિયાનું ૬૩ વર્ષની વયે. ☯ જૂનાગઢના ડો. ભાલચંદ્ર જે. વૈશ્નવનું ટૂંક સમય પહેલાં ૭૭ વર્ષની વયે દેહાવસાન થયું. બી.એસસી., જીએએફએમ જામનગર-સુરત અભ્યાસ કરી મુંબઈ ખાતે છેલ્લા ૪૦ વર્ષથી પ્રેકટીસ કરતા હતા. આ પરિશ્રમી, માનવતાવાદી તબીબે ૨૦ વર્ષ ફોર્ટ ખાતે ડો. શાહ સાથે પ્રેકટીસ કરી તેના દર્દીઓને લઈને લંડન પણ સાથે જતા.☯ શ્રી મધુભાઈ શીવપ્રસાદભાઈ માંકડનું અમદાવાદ ખાતે. ☯ પ્રફુલ્લિતાબેન નિરંજનભાઈ વ્હોરાનું ભાવનગર ખાતે.

## ચિંતન વૈશ્નવ પી. એચડી. થયા



વડોદરા સ્થિત ડો. હર્ષદભાઈ વૈશ્નવ અને શ્રીમતી ડો. જ્યોતિબેન વૈશ્નવના પુત્ર ચિંતન વૈષ્નવે અમેરીકાની વિશ્વવિખ્યાત મેસેચ્યુસેટસ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી માંથી ટેકનોલોજી એન્ડ પોલીસી વિષયમાં સંશોધનાત્મક મહાનિબંધ રજૂ કરી ડોકટરેટની પદવી પ્રાપ્ત કરી.તેઓ સ્વ. શંકરલાલ હા. વૈશ્નવના પૌત્ર તથા કાયદાવિદ્ સ્વ. પી. ટી. છાયાના દોહિત્ર થાય. અભિનંદન સહ શુભકામના.

## હાઈપ્રોફેસીયન્સી એવોર્ડ મેળવતા ઉર્મિલ મારૂ



યુ.એસ.એ. મલ્ટીનેશનલ કંપની કેડેન્સમાં કસ્ટમર સપોર્ટ એન્જીનીયર તરીકે ફરજ બજાવતા શ્રી ઉર્મિલ ગિરીશભાઈ મારૂ ઓકટોબર માસમાં વિશેષ તાલિમાર્થે બોસ્ટન-અમેરીકા- જઈ આવ્યા. બાદમાં તેમની નાની વયમાં ઉચ્ચ કાર્યકુશળતાને ધ્યાનમાં લઈ 'હાઈપ્રોફેસીયન્સી એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો.

તેઓ રાજકોટના જાણીતા આર્કિટેકટ શ્રી ગિરીશભાઈ મારૂના પુત્ર અને ગોંડલ સ્થિત ગિરીશભાઈ માંકડના જમાઈ થાય. અભિનંદન.

## ખુશાલી હાથીનું આરંગેત્રમ્



ગાંધીનગર સ્થિત શ્રી જાગૃતભાઇ તથા શ્રીમતી પ્રીતિબેન હાથીનાં ૧૩ વર્ષીય પુત્રી ચિ. ખુશાલીના ભારતનાટયમ્‌નો દિક્ષાંત સમારોહ તા. ૨૮-૧૧-૦૯ના રોજ ગાંધીનગરના ટાઉનહોલ ખાતે સર્વોચ્ચ અદાલતના ધારાશાસ્ત્રી શ્રી નિરૂપમભાઈ નાણાવટી તથા ગુજરાત સરકારના માહિતી નિયામક શ્રી ભાગ્યેશભાઇ જહાના અતિથિવિશેષ પદે પરિવારજનો, આમંત્રિત મહેમાનો તથા જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં યોજાય ગયો. જેમાં ૠષિકેશથી પધારેલા સ્વામી શ્રી ધર્મનિષ્ઠાનંદજી પણ ખુશાલીને આશિષ આપવા ઉપસ્થિત હતા. અભ્યાસની સાથે ૬ વર્ષની કઠોર સાધના બાદ મેળવેલ આ સિદ્ધિ બદલ ખુશાલીને અભિનંદન.

## નાટય સ્પર્ધામાં કુ. નિર્વિષા માંકડ અભિનિત નાટક પ્રથમ સ્થાને

તાજેતરમાં નર્મદા સાયન્સ કોમ્યુનિટી સેન્ટર આયોજીત ભરૂચ જીલ્લાના ૧૭મા વાર્ષિક વિજ્ઞાનમેળામાં વિવિધ શાળાઓ દ્વારા ૧૪ વિજ્ઞાન વિષયક આધારિત નાટય સ્પર્ધાઓ યોજાય ગઈ. જેમાં ગ્લોબલ વોર્મીંગ'ની થીમ ઉપર આધારીત 'મારે માનવ બનવું છે' નાટક પ્રથમ વિજેતા જાહેર થયેલ. આ નાટકમાં કુ. નિર્વિષા પિયૂષ માંકડે અસ્ખલિત રીતે સ્પષ્ટ ઉચ્ચારો સાથે સંવાદો રજૂ કરી મુખ્ય ભૂમિકા ભજવી નાટકને પ્રથમ સ્થાન અપાવવામાં મૂલ્યવાન યોગદાન આપ્યું હતું. હવે રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે. અગાઉ પણ કુ. નિર્વિષાએ 'સુએજ વોટરમાંથી ઊર્જા વિષય પર સમગ્ર જીલ્લાના વિજ્ઞાન પ્રયોગમાં દ્વિતીય ઈનામ મેળવેલ છે. તેણીએ દેશવિદેશના વિદ્યાર્થીઓ માટે યોજાતી નેશનલ સાયબર ઓલિમ્પિયાડમાં ધો. ૮ વિભાગમાં ગોલ્ડમેડલ મેળવેલ છે.

ભાવી વૈજ્ઞાનિક નિર્વિષાને અભિનંદન સાથે પ્રયોગો કરતાં રહો તેવી શુભેચ્છા.

## યુવક મહોત્સવ જ્ઞાતિના યુવા કલાકારો પણ છવાયા...

### નૃત્ય સ્પર્ધામાં કુ. જલશ્રી બુચ પ્રથમ સ્થાને



સુરત ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના યુવક મહોત્સવમાં જામનગરનાં કુ. જલશ્રી અશોકભાઈ બુચે રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા સુરત ખાતે યોજાયેલ ૪૨મા રાજ્યકક્ષાના યુવક મહોત્સવમાં શાસ્ત્રીય નૃત્ય ભારતનાટયમ વિભાગમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. તેણીએ શ્રીમતી હિર પરેશભાઈ બુચ પાસે શાસ્ત્રીય નૃત્યની તાલીમ મેળવી છે.

### હળવા કંઠય સંગીત સ્પર્ધામાં વનશ્રી અંતાણી પ્રથમ સ્થાને



રાજકોટની વિરાણી હાઈસ્કૂલના ભૂતપુર્વ આચાર્યશ્રી વીરેન્દ્રભાઈ વી. અંતાણી(નાના અંતાણી સાહેબ)નાં પૌત્રી અને દિવ્યેશ વી. અંતાણીનાં પુત્રી કુ. વનશ્રી અંતાણીએ 'અ' વિભાગમાં હળવા કંઠય સંગીતમાં શહેર અને પ્રદેશ કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવી તાજેતરમાં સુરત ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના યુવક મહોત્સવમાં રાજકોટનું પ્રતિનિધિત્વ કરી આવ્યાં.

### શાસ્ત્રીય કંઠય સંગીત સ્પર્ધામાં પલાશ ધોળકિયા પ્રથમ સ્થાને



જામનગર ખાતે યોજાયેલા પ્રદેશ કક્ષાના યુવક મહોત્સવમાં રાજકોટના પલાશ પૂર્ણેન્દુભાઈ ધોળકિયાને શાસ્ત્રીય કંઠય સંગીતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ડીસેમ્બર માસમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જઈ આવ્યા. કુટુંબનો સંગીત વારસો ઉજાગર કરનાર ભાઇ પલાશે શાસ્ત્રીય કંઠય સંગીતની તાલીમ શ્રી આતા મહંમદખાન પાસે મેળવેલ છે.

અભિનંદન પરંપરાગત સંગીતવારસો જાળવી રાખો તેવી શુભકામના.

### નાગર વ્યવસ્થાપક મંડળ, ભુજ

તાજેતરમાં સંસ્થાના ઉપક્રમે નરસિંહ મહેતા હારમાળા જયંતિના ઉપલક્ષ્યમાં હાટકેશ કોમ્પલેક્ષ ખાતે જ્ઞાતિજનોની વિશાળ ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન શ્રી અતુલભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને થઈ ગયું. કાર્યક્રમનો પ્રારંભ ગણેશ સ્તુતિથી કરવામાં આવ્યા બાદ અનીલ વોરા, મીલી વૈશ્નવ, અભિનવ ભટ્ટે નરસિંહ મહેતાના પ્રાચીન પદો રજૂ કરેલ. ત્યારબાદ નયન રાણા લીખીત અને દિગ્દર્શીત નરસૈયાના જીવન પ્રસંગો પર આધારીત નાટીકા ભાભીનું મહેણું રાસલીલા રજૂ કરી હતી.જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવેલ. જેમાં નિપૂણ માંકડ, પોરસ માંકડ, વિમીય ધોળકિયા, દિશા વૈશ્નવ, ટેરેશા હાથી, પંકજ - પ્રીતી-ભવ્યા ઝાલાએ અભિનયના ઓજસ પાથર્યા હતાં. ઉદ્‌ઘોષક તરીકેની જવાબદારી પંકજ ઝાલાએ સંભાળેલ. ત્યારબાદ સ્વામી ચૈતન્ય પ્રદીપજીએ નરસિંહ મહેતાના પદો ઉપર ચિંતનાત્મક વકતવ્ય આપેલ. તેઓએ જણાવેલ કે નરસિંહ મહેતા માત્ર ૩-૪ ચોડી ભણ્યા હશે પરંતુ આજે તેમના પદો પર પી.એચડી. કરી રહયા છે. અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ પદમાં એવી સમજણ છે કે બ્રહ્માંડના કણેકણમાં ઈશ્વરનો વાસ છે અને આ જ હકીકત ઉપનિષદમાં પણ દર્શાવાઇ છે.તેમના પદો અલૌકિક અને લોકભોગ્ય છે. આવા નરસિંહ મહેતાના કૂળમાં આપણને જન્મ મળ્યો છે તે બહુમૂલ્ય છે, તેને ઉજાગર કરવાની આપણી ફરજ છે.કાર્યક્રમનું સંચાલન શ્રી ચૈતન્ય પટ્ટણીએ કરેલ. અંતમાં ઉંધીયા પુરીનો અલ્પાહાર લઈ સૌ વિખરાયેલ.

## વૈદ્ય સી. પી. શુક્લનું રાષ્ટ્રપતિશ્રીના હસ્તે સન્માન

જામનગર સ્થિત જાણીતા વૈદ્ય શ્રી ચંદ્રકાન્તભાઈ પ્રભાશંકર શુક્લને નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટિલના હસ્તે 'આયુર્વેદ સેવા સન્માન'થી સન્માનિત કરવામાં આવ્યા. જ્ઞાતિના ગૌરવસમા શ્રી ચંદ્રકાન્તભાઈ મૂળ ભુજના છે પરંતુ જામનગરને કર્મભૂમિ બનાવી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક-ડીન તરીકે નિવૃત્ત થઈ જામનગરમાં જ આયુર્વેદ ચિકીત્સા કરી રહયા છે. તેઓ સિધ્ધહસ્ત ચિકીત્સક, પ્રાધ્યાપક તથા સેંકડો શોધ નિબંધકર્તાઓના માર્ગદર્શક છે. તેઓ રાષ્ટ્રીય આયુર્વેદ વિદ્યાપીઠ, ભારત સરકારના ચરકસંહિતાના રાષ્ટ્રીય ગુરૂ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ચંદ્રકાન્તભાઇ વૈદ્ય બૃહસ્પતિદેવ ત્રિગુણા ટ્રસ્ટ નવી દિલ્હી દ્વારા સન્માન પ્રાપ્ત કરનાર દેશના સર્વપ્રથમ વૈદ્ય છે. જ્ઞાતિને ગૌરવ બક્ષનાર વૈદ્યરાજને અભિનંદન...સહ શતં જીવ શરદઃ પ્રાર્થીએ.

## અખિલ ભારતીય નાગર પરિષદ, રાજકોટ

પરિષદની રાજકોટ શાખાના ઉપક્રમે તા. ૨૪/૧૧/૦૯ના રોજ ભકત શિરોમણી શ્રી નરસિંહ મહેતા હારમાળા પ્રસંગને અનુલક્ષીને રામકૃષ્ણનગર રોડ ખાતે સ્થાપિત પ્રતિમાને રાજકોટ મ્યુનિસિપલ કોર્પો.ના મેયરશ્રી, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રી દેવાંગ માંકડ, પરિષદના હોદેદારો, જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં પુષ્પાંજલિ દ્વારા ભાવાંજલિ અર્પવામાં આવી.

તા. ૨૪/૧૧ના રોજ સાંજે બાલકુંજ હોબી સેન્ટર ખાતે જ્ઞાતિજનોની બહોળી સંખ્યામાં ઉપસ્થિતિમાં 'ભજન સંધ્યા' સાથે ભોજનસંધ્યાનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં સર્વશ્રી મનહરભાઈ વૈશ્નવ, જસ્મીનભાઈ દેસાઈ,ધનંજયભાઈ દેસાઈ,પન્નગભાઈ વોરા,વિશાલ અવાશીયા,નંદિનીબેન શુકલ તથા શ્રીમતી દિશા શુકલએ નરસિંહ મહેતાના પદોથી પ્રસંગોચિત ભજનો રજૂ કરેલ. શ્રી પરેશભાઈ વોરાને પ્રસંગોચિત દ્રષ્ટાંતો વગેરેથી ભકિતમય વાતાવરણ યથાર્થ બનાવ્યું હતું. આકાશવાણીના ઉદ્‌ઘોષક કુ. જલ્પા બુચના લાક્ષણિક અને પ્રસંગ અનુરૂપ સંચાલન સહકારમાં શ્રી ચેતન છાયાએ આભારવિધી કરેલ. સ્વરૂચિભોજનના અંતે પ્રસંગ સંપન્ન કરેલ.

## હાટકેશ સિનિયર સીટીઝન્સ કલબ, ભુજ

ભુજ ખાતેની હાટકેશ સિનિયર સીટીઝન્સ કલબના ઉપક્રમે તા. ૩/૧ના રોજ હાટકેશ કોમ્પલેક્ષ ખાતે વન વિકાસ નિગમના સૌજન્યથી સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન થઈ ગયું. જેમાં વનવિકાસ નિગમના ધન્વન્તરી પ્રોજેકટના સલાહકાર ડો. રાજેન્દ્ર હાથી તથા ડો. લેખાબેન હાથીએ સર્વરોગ નિદાન કર્યુ. સવારના ૯ વાગ્યે પશ્ચિમ વન વિભાગના સંરક્ષક શ્રી ડી. કે. વસાવડાના હસ્તે દિપપ્રાગટય બાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. સંસ્થા પ્રમુખ શ્રી પરિમલ ધોળકિયાએ ડો. રાજેન્દ્ર હાથીનું થતા શ્રીમતી ધર્મિષ્ઠાબેન ધોળકિયાએ ડો. લેખાબેનનું શાલ ઓઢાડી સન્માન કરેલ. શ્રી રત્નાકરભાઈ ધોળકિયાએ બંનેનો પરિચય આપેલ. શ્રી પરિમલભાઈએ આવકાર સ્વાગત કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી હરિભાઈ અંતાણી તથા શિશિર વોરાએ કરેલ.

આ કેમ્પમાં ૨૫૮ જેટલા લાભાર્થીઓએ નિદાન કરાવેલ અને ૬૦૦ જેટલા લાભાર્થીઓએ ૪૫% રીબેટથી આયુર્વેદીક દવાઓની તથા એગમાર્ક મધ ઉપર ૧૦% રીબેટથી ખરીદી કરી હતી. આજ દિવસ સુધી નિગમ દ્વારા યોજાયેલ કેમ્પ કરતાં વેચાણ ઉત્તમ રહેલ.

સવારના ૯ વાગ્યાથી શરૂ થયેલ કેમ્પ બહોળી સંખ્યાને લક્ષ્યમાં લઈ સાંજે ૭ : ૩૦ વાગ્યા સુધી ચાલેલ. સંસ્થાના અનેક કાર્યકરોના શ્રમિક યોગદાન અને આયોજકોની જહેમતથી સામાજીક સેવાનો આ કેમ્પ સફળ રીતે સંપન્ન થયો હતો.

## ડો. રશ્મિકાન્ત મહેતાને શાસ્ત્રચૂડામણિ એવોર્ડ

કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિભાગ દ્વારા સંચાલિત રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન યુનિવર્સિટી દિલ્હી દ્વારા સંસ્કૃતવિદ્ ડો. રશ્મિકાન્ત મહેતાને 'શાસ્ત્ર ચૂડામણિ'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ પુરસ્કાર યોજનાના ભાગ રૂપે ગુજરાત યુનિવર્સિટીમાં ભાષા સાહિત્યભવનના સંસ્કૃત વિભાગમાં પ્રા. મહેતાએ પોતાનો કાર્યભાર સંભાળી લીધો છે.જ્ઞાતિ ગૌરવભેર અભિનંદન પાઠવે છે.

### <u>પ્રભુતામાં પગલાં :</u>

⓿ જૂનાગઢના હર્ષલ નિખીલભાઈ વૈદ્યના લગ્ન આદીપુરના કમલેશભાઈ અંજારીયાના પુત્રી નિરાલી સાથે. ⓿ ભુજના પ્રેરીત કિરણભાઈ અંજારીયાના લગ્ન ભુજના અજયભાઈ હ. વોરાનાં પુત્રી કૃતિ સાથે. ⓿ મુંબઈ સ્થિત કાર્તિકભાઈ ધનસુખભાઈ વસાવડાના પુત્ર વહનના લગ્ન મોનાલી સાથે.

⓿ અમદાવાદના વિભાકર કૌસ્તુભરાય ઘોડાનાં પુત્રી રત્નાના લગ્ન ડો. યોગીન જયેન્દ્રભાઈ વસાવડાના પુત્ર રૂચિર સાથે. ⓿ વડોદરાના મલય ઉમેશ વસાવડાના લગ્ન મૌસમી વિરાટ ઠાકર સાથે.

⓿ ગાંધીનગરના દિપકભાઈ નલીનકાંત ધોળકિયાનાં પુત્રી અભિજ્ઞાનાં લગ્ન વ્રજેન્દ્ર નરેન્દ્રભાઈ વૈશ્નવના પુત્ર હાર્દિક સાથે. ⓿ સુરત સ્થિત સુધાંશુ રમેશચંદ્ર અંતાણીના પુત્ર હાર્દિકના લગ્ન મુંબઈ વસતા દિનેશભાઈ માંકડનાં પુત્રી ફોરમ સાથે. ⓿ રાજકોટ સ્થિત જયેન્દ્રભાઈ કનકશંકર વોરાના પુત્ર સાર્થકના લગ્ન વડોદરા વસતા હર્ષેન્દુભાઈ ઝાલાનાં પુત્રી શિવાની સાથે.

⓿ રાજકોટ સ્થિત ડો. નિમિષ સુનીલભાઈ ઓઝાના લગ્ન જામનગર સ્થિત ઝરણા ઘનશ્યામભાઈ અંજારીયા સાથે.

⓿ જામનગરના <u>મેઘલ</u> ઉમેશભાઈ ઝાલાના લગ્ન રાજકોટના તન્મય હર્ષભાઈ વૈશ્નવ સાથે.

⓿ અમરેલી સ્થિત ડો. વત્સલકુમાર આર. વછરાજાનીના પુત્ર નિરદના લગ્ન મહુવા સ્થિત નીલમકુમાર ડી. વૈદ્યનાં પુત્રી નિષ્ઠા સાથે.

⓿ અમદાવાદ વસતા યોગેશ કિશોરીલાલ દેસાઈના પુત્ર નિશાન્તના લગ્ન અમદાવાદના શ્રી અતુલભાઈનાં પુત્રી મિતી સાથે.

⓿ વડોદરા સ્થિત શ્રી નયનભાઈ બળવંતરાય બક્ષીનાં પુત્રી કામનાના લગ્ન રાહુલ હર્ષવદન વસાવડાના પુત્ર તપન સાથે.

⓿ ભુજના જલ્પન હરેશભાઈ અંજારીયાના લગ્ન ભાવનગરના પાયલ કુલીનભાઈ વૈશ્નવ સાથે.

⓿ વડોદરા નિવાસી શ્રી અનિલભાઇ વોરાના પુત્ર રિષીના લગ્ન અંજાર નિવાસી શ્રી કિરીટભાઈ પોટાનાં પુત્રી સિદ્ધિ સાથે.

⓿ રાજકોટના શ્રી પ્રિયવદન પ્રહલાદરાય માંકડના પુત્ર મનનના લગ્ન ભાવનગર નિવાસી ભૂમિ મયુરેશ બુચ સાથે.

### <u>સગપણ સગાઈ :</u>

⓿ ભુજનાં કૃતિ વિરેન્દ્રરાય અંતાણીનું સગપણ ગાંધીનગર સ્થિત તેજસ અક્ષયકુમાર રાણા સાથે.

⓿ રાજકોટ સ્થિત જાગૃત ઉર્જીતભાઈ ત્રિપાઠીનું સગપણ જામનગર સ્થિત મૈથિલી દિવાકરભાઈ વોરા સાથે.

# સમાચાર સંચય

♦ **વડોદરા :** શ્રી લાલબાગ હાટકેશ મંડળ દ્વારા આયોજીત ચિત્ર સ્પર્ધા જૂથ-૩માં ચિ. ધૈર્ય તરૂણ વૈદ્ય પ્રથમ સ્થાને આવતાં શિલ્ડ એનાયત થયો.ચિત્રકલામાં ગહન રસ ધરાવનાર ધૈર્ય એલીમેન્ટ્રી-ઈન્ટરમીડીએટ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોઇ આંતરશાળાકીય હરિફાઈમાં પણ શાળાનું નેતૃત્વ કરે છે.

♦ ઈન્કમટેક્ષ ઓફીસમાં કાર્યરત શ્રીમતી સ્મિતા તરૂણ વૈદ્યને ૨૦૦૮-૦૯ માટે હિન્દી સપ્તાહ દરમ્યાન હિન્દીમાં કામ કરવા બદલ રૂ. ૧૮૦૦/-નું પારિતોષીક એનાયત થયું.

♦ લાલબાગ હાટકેશ મંડળ આયોજીત માવા વાનગી હરિફાઈમાં શ્રીમતી ફાલ્ગુની સંજય સ્વાદિયાએ 'આલ્મન્ડ ટ્રીટ' બનાવીને તથા શ્રીમતી સ્મિતા તરૂણ વૈદ્યે 'સલાડ ડેકોરેશન'માં પ્રથમ સ્થાન મેળવ્યું.

♦ મે. સાબલે એન્ડ વાઘીરે લી. (વિન્ડસર બિસ્કીટસ)માં ફરજ બજાવતા શ્રી તરૂણ વૈદ્યને ૨૦૦૯-૧૦માટે બેસ્ટ પર્સનનું બિરૂદ મળ્યું.

♦ રાજકોટ ખાતે બેંક ઓફ ઈન્ડીયાની ઇન્ટરઝોન ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાય ગઈ જેમાં નિરીક્ષક શ્રી શિરીષ બુચે વડોદરાના શ્રી હિતેશ બુચને 'બેસ્ટ બેટસમેન' જાહેર કરતાં રીજીયોનલ મેનેજરના હસ્તે પારિતોષીક આપવામાં આવેલ.

♦ **અમદાવાદ :** શ્રી કુલદીપ ધોળકિયા સપરિવાર બેંગકોક પટાયાના પ્રવાસે જઈ આવ્યા.

♦ **ગોંડલ :** શ્રી હાટકેશ્વર મંદિર (નાગર શેરી) ગોંડલની યાદી જણાવે છે કે ગોંડલ ખાતેના ઈષ્ટદેવના મંદિરના જીર્ણોધ્ધારનું કાર્ય જ્ઞાતિજનોના સહકારથી પૂર્ણ થવામાં છે. જે નવનિર્મિત મંદિરના પુનઃ પ્રતિષ્ઠાપનની વિધિ શ્રી અનંતપ્રસાદના આચાર્ય પદે તા. ૧૦/૨/૨૦૧૦ થી ૧૪/૨/૧૦ સુધી યોજવામાં આવેલ છે. ઈચ્છુક જ્ઞાતિજનોને પધારવા નિમંત્રણ છે. અન્ય વિગતો માટે શ્રી કમલેશ દેસાઈ મો. ૯૮૭૯૪૧૭૧૮૫ કે શ્રી જયેશ માંકડ મો. ૯૪૨૬૨ ૨૯૭૬૭નો સંપર્ક કરશો.

♦ **રાજકોટ :** કુ. માર્ગી મનોજભાઈ દેસાઈ એસ. વાય. બી.સી.એ.-ત્રીજાં સેમેસ્ટરમાં ૭૩% મેળવી મા. વીરબાઈમા મહીલા કોલેજમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થયાં.

♦ કુ. પ્રતિતી જયેશભાઈ મંકોડી બી. ઈ. (સીઇ)માં ડીસ્ટીંગશન સાથે ઉત્તીર્ણ થઈ કેમ્પસ ઇન્ટરવ્યુમાં વિપ્રો કોમ્પ્યુટર્સમાં પસંદગી પામી તાલીમાર્થે ગયાં.

♦ દીપ મધુકર ઢેબર બી.સી.એ.ના પમા સેમેસ્ટરમાં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા.

♦ શ્રી અનંતજી જીમખાનાના ઉપક્રમે ચેતન છાયાના નેજા હેઠળ તા. ૨૫/૧૨ થી ૨૭/૧૨ દરમ્યાન કેરમ તથા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન થઈ ગયું. જેમાં ૩૦ સ્પર્ધકો જોડાયેલ.

♦ દર મંગળવારે આકાશવાણી રાજકોટ પરથી પ્રસારિત થતી 'નરસિંહ'માં કુ. જલ્પા બુચે ૪ પાત્રો બાળ નરસિંહ, હરિણીતા, બાળ શામળશા,નાગરાણીનો વાચિક અભિનય આપ્યો તેમજ ૨૫/૧૨ના રોજ પ્રસારિત થયેલ 'જીંદગીનામા'માં મીઠીના પાત્રમાં વાચિક અભિનય આપ્યો.

♦ ફૂડ કોર્પો. ઓફ ઈન્ડીયામાં કાર્યરત શ્રી વિભાકર અંજારીયા રાષ્ટ્રીય ક્ષેત્રે માન્યતા પ્રાપ્ત ટ્રેડ

યુનીયનમાં ડીસ્ટ્રીકટ ચેરમેન તથા ગુજરાત રાજ્યના રીજીયોનલ વાઈસ ચેરમેન તા. ૧૫/૧૨ થી ૨૫/૧૨ દરમ્યાન કલકતા ખાતે મળેલ રાષ્ટ્રીય અધિવેશનમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે જઈ આવ્યા. જેમાં અન્ય પ્રતિનિધિ તરીકે સિનિયર વાઇસ ચેરમેન શ્રી સતિષભાઈ ધોળકિયા પણ આ સંમેલનમાં સામેલ હતા.

♦ શ્રી વિભાકર અંજારીયા ડિસેમ્બર-૦૯માં રાજકોટની દરેક સેન્ટ્રલ ગવ. કચેરીઓ, બેંક,ઈન્સ્યોરન્સ કું. દ્વારા આયોજીત હિન્દીના પ્રચાર માટે રેલ્વે જગજીવનરામ ઈન્સ્ટીટયુટ ખાતે આયોજીત ગીત સંગીત સ્પર્ધા માટે એફસીઆઇ માંથી પસંદગી પામેલ.

♦ શ્રી કચ્છ નાગર પરિવાર દ્વારા તા. ૧૨/૨ થી ૧૪/૨ દરમ્યાન 'કચ્છ દર્શન' પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે ૯૮૨૪૨૧૦૬૧૦ અથવા ૨૪૫૩૨૭૪નો સંપર્ક કરવો.

♦ શ્રી હર્ષલ વિભાકર અંજારીયા (સી.એ.) જીએસપીએલ કંપનીમાં મુંબઈ ખાતે તાલીમ મેળવી સિનિયર ઓફીસર તરીકે કોર્પોરેટ ઓફીસમાં નિયુકત થયા.

♦ અત્રેના ભૂષણ મહેશભાઈ ધોળકિયાનાં ૮ વર્ષનાં પુત્રી નિરીક્ષા તાજેતરમાં બાલભવન ખાતે યોજાયેલ ઇન્ટરસ્કૂલ વેશભૂષા સ્પર્ધામાં પોતાની શાળા રોઝરી સ્કૂલમાંથી પસંદગી પામી ભાગ લઈ આવ્યાં.જ્યાં તેણે એરહોસ્ટેસ બની સૌને પ્રભાવિત કર્યાં.

♦ **જામનગર :** નેત્રહીનો તથા વિકલાંગોના પુનઃવસન માટે છેલ્લાં ૩૭ વર્ષથી કાર્યરત જામનગર અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રના માનદ્ મંત્રી શ્રી પ્રકાશભાઈ મંકોડીએ બજાવેલ સેવાકીય પ્રવૃત્તિઓના સંદર્ભમાં અનેક સંસ્થાઓના ઉપક્રમે રાજકોટના એન્જીનિયરીંગ એસો.ના ઓડીટોરીયમ ખાતે તેમનો ષષ્ટીપૂર્તિ સમારોહ યોજાય ગયો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં નેત્રહીનો તથા ગુજરાત રાજ્યની નેત્રહીન કલ્યાણ ક્ષેત્રે કામ કરતી સંખ્યાબંધ સંસ્થાઓના પ્રતિનિધીઓ ઉપસ્થિતિમાં તેઓને સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ. આ સન્માના પ્રતિભાવમાં શ્રી પ્રકાશભાઈ મંકોડીએ તેમની સફળ તાનો યશ માતા પિતા, પરિવારના અન્ય સભ્યો તથા હકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવતા પોતાની શાળાના અધ્યાપકો, કર્મચારીઓને આપી આભારની લાગણી વ્યકત કરેલ.

♦ શૈલી હરેશભાઈ ખારોડ 'સખી કલબ' દ્વારા યોજાયેલ વેલકમ નવરાત્રિ-૦૯માં તથા ઓપન જામનગર નવરાત્રિ મહોત્સવ 'રાસ રંગ'માં મેગા પ્રિન્સેસ થયાં તેમજ ડીસેમ્બરમાં સખી કલબ આયોજીત પર્સનાલીટી કોન્ટેસ્ટમાં 'બેસ્ટ ઓફ ધી બેસ્ટ' બની બ્યુટી કવીનનો સરતાજ મેળવ્યો.

♦ શ્રી મહિલા મંડળની મીટીંગ શ્રી વૈભવ પરિવાર તરફથી રાખવામાં આવેલ. જેમાં ફ્રી સ્ટાઇલ ગરબા, વેલડ્રેસ તથા કાટલું સ્પર્ધા રાખવામાં આવી હતી. બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

♦ અમદાવાદ ખાતે યોજાયેલ કાંકરીયા કાર્નિવેલમાં અત્રેના જય કમલેશભાઈ ઓઝાએ મહારાષ્ટ્રીયન લોકગીતો પર રોકડાન્સ તથા ચાર નૃત્યો રજૂ કર્યાં.

♦ મેરઠ ખાતે યોજાયેલ એસજી કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. વતી અંડર ૧૯માં અત્રેના ધૈવત જગદીશભાઈ વછરાજાની પસંદગી પામી ઉત્તમ પ્રદર્શન કર્યું.

♦ અ.ભા.ના.પરિષદ જામનગર શાખાની મળેલ સામાન્ય સભામાં ૨૦૧૨ સુધીના વર્ષ માટે શ્રી મધુસુદનભાઈ વી. બુચની પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી.

♦ **જૂનાગઢ :** એસ.એસ.સી., એચ.એસ.સી.ની નજીક આવતી પરીક્ષામાં વિદ્યાર્થીઓ-વાલીઓને તાણમુક્ત રહેવા માર્ગદર્શક સૂચનો મેળવવા સંપર્ક : પરેશ બુચ-મો. ૯૮૨૪૮ ૩૦૯૬૩

♦ જટાયુ હર્ષિતભાઈ બક્ષી બી.ઇ. (સીઇ) પાંચમા સેમેસ્ટરમાં ૭૪% સાથે ઉત્તીર્ણ થયા.

♦ **ભાવનગર :** હૈદ્રાબાદના અમલાપુરમ ખાતે 'વન્ડર આર્ટ વર્લ્ડ' દ્વારા યોજાય ગયેલ બાલચિત્ર સ્પર્ધામાં અત્રેની સેન્ટમેરી સ્કૂલમાં ધો. ૫માં અભ્યાસ કરતી મુદ્રા પરાગભાઈ ભટ્ટને શ્રેષ્ઠ કલાકૃતિ રજૂ કરવા બદલ ગોલ્ડમેડલ મળ્યો. ચિ. મુદ્રા અ.ભા.ના.પરિષદ રાજકોટ શાખાના શ્રી અરૂણભાઈ ભટ્ટની દોહિત્રી થાય.

♦ અત્રે રેલ્વેમાં કાર્યરત શ્રી જયેશ અંતાણીએ ૧૦૨મી વખત સ્વૈચ્છિક રકતદાન કર્યું.

♦ આર્ષ અક્ષય કુમાર વૈદ્ય (ધો. ૧૧) એ અત્રેની એકસેલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જનરલ નોલેજની પરીક્ષામાં સમગ્ર ભાવનગરમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થવા બદલ કંપની તરફથી શીલ્ડ તથા પ્રમાણપત્ર મેળવ્યાં.

♦ શ્રી અક્ષયકુમાર એસ. વૈદ્યના પુત્રો આર્ષ તથા દેવર્ષિને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

♦ **જામખંભાળીયા :** અત્રેના શ્રી વદનભાઇ ઢેબર કો. કો. બેંકમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી નિવૃત્ત થતાં બેંક તરફથી તેઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

♦ **પોરબંદર :** હંસાબેન ઉમાકાંતભાઈ પોટાના નિવાસસ્થાને નવરાત્રિ સ્થાપન કરવામાં આવેલ.આ પ્રસંગે ગોંડલના હાટકેશ ગરબા વૃંદે ગરબાની રમઝટ બોલાવી હતી. દૈનિક ગરબા આરતી હવનમાં જ્ઞાતિજનોએ લાભ લીધો.

♦ નૂતન વર્ષનું સ્નેહમિલન રાબેતા મુજબ હાટકેશ હોલમાં યોજવામાં આવેલ. શૈક્ષણિક પારિતોષીકનું વિતરણ કરવામાં આવેલ તેમજ સ્વ. દેવીભાઈ નાણાવટીના પરિવાર તરફથી પણ વિજેતાઓને રોકડ પારિતોષીક આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા.

♦ શ્રી રાજેન્દ્ર બી. ઓઝા પોરબંદર જીલ્લા ત. ક. મંત્રી મંડળના ખજાનચી પદે સતત ચોથી વાર બીનહરીફ ચૂંટાયા તેમજ રાણા બોરડીથી બદલી થઈને ખાપટ (પોરબંદર) આવ્યા.

♦ સૌરાષ્ટ્ર હિંદી પ્રચાર સમિતિ દ્વારા આયોજીત હિન્દી તીસરીની પરીક્ષામાં કથન ઓઝા ઉત્તીર્ણ થયા.

♦ રામકૃષ્ણ મીશન દ્વારા આયોજીત નિબંધ સ્પર્ધામાં અંતરા ઓઝા પ્રથમ ક્રમે આવ્યા.

♦ તાજેતરમાં યોજાયેલ રોટલા ઓળાની પાર્ટીમાં ૧૦૦થી વધુ જ્ઞાતિજનોએ ભાગ લીધો. આ પ્રસંગે તમામ માટે આયોજીત મ્યુઝીકલ ચેર સ્પર્ધાના વિજેતાઓને શ્રીમતી સુમિત્રાબેન ઝાલા પરિવાર તરફથી ઈનામ આપવામાં આવ્યાં.

♦ **મુંબઈ :** અત્રે ટેક સોલ્યુશન નામે કંપની ચલાવતા શ્રી મોનીશ રવિન્દ્રરાય રાણાએ અત્રેની એન.એમ.આઇ. એમ.એસ. (નરસી મોનજી ઇન્સ્ટી.) દ્વારા નાવિન્યતાસભર ઉદ્યોગપતિઓ અને આશાસ્પદ સ્નાતકોને તેમની ઔદ્યોગિક પ્રતિભા અને કુશળતા ખીલવવા આયોજીત કરાયેલ ઝીલ -૦૯ પ્રતિયોગીતામાં નિર્ણાયક તરીકે સેવા આપી.૪૦ દિવસ ચાલેલી આ પ્રતિયોગીતામાં દેશ વિદેશના આશાસ્પદ અને ઉદ્યમી યુવાનો હાજર રહેલ.

## તહેવારોને ઓળખો :



નવાં વર્ષમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં કયા કયા મોટા તહેવાર આવશે તેનો કોયડો અહીં સચિત્ર આપેલ છે, વાચકોએ ચિત્ર જોઈને એ તહેવારો ઓળખીને નિજાનંદ માણવાનો છે.

**– રજૂઆત : પ્રતિભા એસ. બુચ,**
**મો. ૯૭૬૯૨૧૭૭૫૯**

**<u>ચિત્રરૂપી કોયડાના જવાબ :</u>**

◎લક્ષ્મીપૂજન ◎ ગાંધીજયંતિ ◎ગુજરાત ◎મહારાષ્ટ દિન ◎ગૂડ ફ્રાયડે ◎શિવાજી જયંતિ ◎શિવરાત્રી ◎ દિવાળી ◎પ્રજાસત્તાક દિન ◎મહાવીર જયંતી ◎ભાઈબીજ ◎ ગુરૂપૂર્ણિમા ◎ગણેશચોથ ◎દશેરા ◎રામનવમી ◎ ક્રિસમસ ગુડી પડવો ◎સ્વાતંત્ર દિન ◎આંબેડકર જયંતી ◎હોળી ◎બકરી ઈદ

---

**નોંધ :** આપના સંતાનનોની લગ્નવિષયક જાહેરાત વિના મૂલ્ય બરછીમાં પ્રકાશિત કરાવવા નીચે આપેલ ફોર્મ ભરી કાર્યાલયના સરનામે મોકલી આપશો. ચાલુ વર્ષના ગ્રાહક હોવું/થવું અનિવાર્ય છે.વધુ લાભ મેળવવા લેન્ડલાઇન નંબર આપશો. સંપર્ક કરનારને ગમે તે એક નં. આપવામાં આવે છે પરંતુ આંકડાકીય ભૂલને કારણે ગમે તે પક્ષે સંપર્ક ન થાય તો કરી શકાય તે માટે મોબાઈલ નંબર પણ લખશો. –તંત્રી.

---

## 'બરછી'-લગ્ન વિષયક જાહેરાતનું ફોર્મ

'બરછી'ના ગ્રાહક નંબર ____________ ફોન તથા મો. :____________________

જાહેરાત આપનારનું નામ : ______________________________

સરનામું: ______________________________

______________________________

______________________________

યુવક / યુવતીનું નામ : ______________________________

અભ્યાસ : ______________________________

નોકરી/વ્યવસાય : ______________________________

મંગળ છે / નથી ગોત્ર : __________ ઉંમર : ________ જ.તા. __________ ઊંચાઈ : __________

મોસાળ પક્ષ : ______________________________

અન્ય માહિતી : ______________________________

## દેવલ મહેતા સંશોધનપત્ર રજૂ કરવા જર્મની જઈ આવ્યા



અમદાવાદ ખાતે ઈસરોમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે કાર્યરત શ્રી દેવલ ચિત્તરંજનભાઈ મહેતાએ તૈયાર કરેલ સંશોધનપત્ર જર્મનીના મ્યુનીચ શહેરમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરીષદમાં રજૂ કરવા ત્યાંની અવકાશ સંશોધન સંસ્થા દ્વારા આમંત્રણ મળેલ. જે અંતર્ગત યુ. કે.,ફ્રાંસ, નેધરલેન્ડ,ચાઇના,જર્મની વગેરે દેશોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ભારતના પ્રતિનિધિ તરીકે શ્રી દેવલ મહેતા પોતાનું પેપર રજૂ કરવા મ્યુનીચ (જર્મની) જઈ આવ્યા.

આ આગવી ઉપલબ્ધી મેળવવા બદલ જ્ઞાતીનું તેમજ ગુજરાતી તરીકે ગુજરાતનું ગૌરવ વધારવા બદલ શ્રી દેવલભાઈને અભિનંદન.

## એક્સેલ એક્સપ્રેશન સ્પર્ધામાં પ્રતિક અંતાણીની બેવડી સફળતા



શહેરની જાણીતી ઔદ્યોગિક સંસ્થા એક્સેલ લી. દ્વારા તાજેતરમાં ઘરશાળા હાઈસ્કૂલ ખાતે ઓપન ભાવનગર એક્સેલ એક્સપ્રેશન-૦૯નું આયોજન કરવામાં આવેલ. જેમાં જીલ્લાભરના શાળા કોલેજોના ૧૬૦૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. છેલ્લા બે વર્ષથી વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર ધો. ૧૧માં બી.એમ.કોમર્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા પ્રતિક જયેશભાઈ અંતાણીએ આ વર્ષે પણ પ્રથમ ઈનામ મેળવી હેટ્રીક સર્જ્યા ઉપરાંત સમાચાર વાંચન સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી બેવડી સફળતા હાંસલ કરી હતી.

શહેરના યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાયેલ વિનર્સ શોમાં સાંસદની ઉપસ્થિતિમાં જૂની પેઢીના દિગ્ગજ કલાકાર શ્રી માર્કંડભાઈ ભટ્ટના વરદ હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. અંતમાં તમામ સ્પર્ધકો વતી આ સ્પર્ધા વિષે તેમનું મંતવ્ય આપવાની પણ તક આપવામાં આવી હતી. ભુજના આચાર્ય વેદમૂર્તિ શ્રી જીતુભાઈ વોરાના દોહિત્ર અને જૂની પેઢીના પોલીસ અધિકારી સ્વ. કુંદનભાઈ અંતાણીના પૌત્ર એવા પ્રતિકને અભિનંદન સહ આગે બઢોની શુભેચ્છા.

## નેશનલ સાયબર ઓલિમ્પિયાડમાં સ્વર વૈદ્ય પ્રથમ સ્થાને



સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન દિલ્હી દ્વારા રાષ્ટ્ર સ્તરે દર વર્ષે યુવા પ્રતિભાની ખોજ અર્થે સાયબર ઓલિમ્પિયાડનું આયોજન થાય છે. સપ્ટેમ્બર-૦૯માં યોજાયેલ ઓલિમ્પિયાડમાં ધો. ૫ના વિભાગમાં આશરે ૨૧ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ભાવનગર સ્થિત તુલસીબેન તથા ભાવાર્થભાઈ વૈદ્યના પુત્ર ચિ. સ્વર સમગ્ર ગુજરાતમાં પ્રથમ તેમજ ભારતભરમાં ૩૬મો રેન્ક મેળવી ઉત્તીર્ણ થયા. ગત વર્ષે ધો .૪ની સાયબર ઓલિમ્પિયાડમાં સ્વરે ભાવનગરમાં પ્રથમ અને ગુજરાતમાં ત્રીજો રેન્ક મેળવી આ વર્ષ પોતાની બુદ્ધિપ્રતિભાનો આંક ઉપર ચડાવી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. આ શૈક્ષણિક સ્પર્ધા સાથે તેમણે ભાવનગર જીમખાનાના ઉપક્રમે યોજાયેલ વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં કુલ ૬ ઇનામો મેળવી ઓલરાઉન્ડ દેખાવ કરેલ. અભિનંદન.

# મંગળદોષ

(ગતાંકમાં જાહેર કર્યા મુજબ આ અંકથી મુંબઈના શ્રી મહેન્દ્રભાઈ અંજારીયા લિખીત 'મંગળદોષ' વિષેની છણાવટ કરતી લેખમાળા પ્રકાશિત કરી રહયા છીએ. આ સંબંધે કોઈ પૂછપરછ કે અભિપ્રાય- ફીડબેક માટે તેઓનો ફોન નંબર ૦૨૨-૨૬૧૫૧૬૬૫ જોડશો.-તંત્રી)

ઘણા જ્યોતિષીઓ જન્મકુંડળીમાં મેળાપક વખતે ફકત બે બાબતો પર ધ્યાન રાખે છે...વર કન્યા માંગલિક નો નથી, કેટલા ગુણ મળે છે. વ્યકિતગત અનુભવ પ્રમાણે મંગળ વ્યકિતને અમંગળ વ્યકિત સાથે પરણાવી દેવામાં આવે છે. સરવાળે મૃત્યુ કે છૂટાછેડા સુધી વાત પહોંચે છે. પૂરા ગુણ મળ્યા પછી પણ વરકન્યાની વૈવાહિક સ્થિતિ નાજૂક હોઇ શકે છે. ગુણ મળતા ન હોય તેવી સ્થિતિમાં લગ્નજીવન સુખી પસાર થાય છે.જન્મકુંડળીનું દેશ કાળ, સંસ્કૃતિ, રીતરીવાજની પરિસ્થિતિનું અધ્યયન કરવું ઘણું જરૂરી છે. ભારત અને પાશ્ચાત્ય દેશોમાં વિવાહના દ્રષ્ટિકોણ અલગ છે. ત્યાં પરણવું, મળવું, છૂટા પડવું ચાલ્યા કરે છે. મંગળદોષવાળી વ્યકિતઓના લગ્નજીવનમાં મંગળ કેવો ભાગ ભજવે તે કળી શકાતું નથી. મંગળદોષનો પ્રભાવ છૂટાછેડા,મૃત્યુ, બિમારી, દુર્ઘટના, દરિદ્રતા કે બાળકો ન થવા વગેરે પર પડયા વિના રહેતો નથી. કુપ્રભાવનું કોઈ ચોકકસ કારણ જાણી શકાતું નથી.

મંગળદોષનો વિચાર કરતી વખતે નીચેની બાબતો અવશ્ય ધ્યાનમાં લેવી.

(૧) મંગળ કઈ રાશીમાં કેટલા અંશનો છે

(૨) મંગળ કયા કયા ગ્રહોના પ્રભાવમાં છે અને કયા કયા ગ્રહોથી યુકત કે દ્રષ્ટ છે.

(૩) મંગળ કયા ભાવમાં પડયો છે.

(૪) નવમાંશમાં મંગળની સ્થિતિ શું છે.

(૫) લગ્નાધિપતિ કોણ છે અને મંગળ ગ્રહ સાથે કેવો પ્રભાવ છે અને શું સંબંધ ધરાવે છે... મિત્રભાવ-શત્રુભાવ.

મંગળદોષ જાણવા પહેલાં દોષ કરતાં મંગળ વિષે જાણીએ તો મજા પડશે. સૂર્યમંડળમાં સૂર્ય આત્માનો કારક છે. ચંદ્ર મનનો કારક છે. તો મંગળ પૌરૂષ, યોધ્ધો, દ્રઢતાનો પ્રતિક છે. ગ્રહોમાં સેવાનાયક છે. શુભ મંગળ શૌર્ય, વિજય, ભૂમિપતિ જેવો પ્રભાવ દર્શાવે છે. મંગળનું એક રૂપ ખુની, વિસ્ફોટક, યુધ્ધ ઝઘડા,અકસ્માત કરાવનાર એટલે કે વિનાશકારી છે. મંગળ જે સ્થાનમાં બેસીને યુકત કે દ્રષ્ટિથી સપ્તમભાવેશને પ્રભાવિત કરી શકે તે સારૂં નથી. હવે માંગલિક કુંડળી કયારે કહેવાય તે જોઇએ.

બાજુના ચિત્રમાં જ્યાં જ્યાં મંગળ લખેલ છે તે સ્થાને મંગળ હોય તો તે મંગળદોષ કે માંગલિક કુંડળી કહેવાય.સ્ત્રીને ઘાટડીયે અને પુરૂષને પાઘડીયે મંગળ કહેવાય છે. કેટલાક જ્યોતિષીઓ માને છે કે મંગળના સ્થાનો ઉપર દર્શાવ્યાં છે ત્યાં શનિ ગ્રહ બેસે તો મંગળદોષ દૂર થાય છે. આ ધારણા ખોટી છે. એમ વ્યકિતગત અનુભવે કહી શકાય.




આપણે ઉત્તર ભારતીયો જન્મકુંડળીમાં લગ્ન સુખ દારા મૃત્યુ અને વ્યય સ્થાનમાં આવેલા મંગળને મંગળદોષવાળી કુંડળી કહીએ છીએ. પણ દક્ષિણ ભારતીયોએ આ પાંચ સ્થાનો સહીત બીજા (ધન)ભાવે મંગળ હોય તો પણ મંગળદોષ માનવાનું કહે છે. પંડિતો જણાવે છે કે જેમ લગ્નથી

૧-૨-૪-૭-૮-૧૨મા ભાવે રહેલો મંગળદોષ જોવાય છે તેમ ચંદ્રલગ્ન તેમજ શુક્રથી પણ જોવો જોઈએ. તેઓનું કહેવું છે કે લગ્નથી મંગળદોષ પૂર્ણ ગણવો. ચંદ્ર લગ્નથી ૩/૪ ગણવો અને શુક્રથી મંગળદોષ અડધો ગણવો.સ્ત્રી માટે સાતમે અને આઠમે રહેલો મંગળ સૌથી ખરાબ અને પુરૂષ માટે ૨જા અને ૭મા ભાવનો મંગળ પૂર્ણ ખરાબ માનવામાં આવે છે.

લગ્નમાં મંગળ હોવાથી મંગળદોષ હોવાથી નિશ્ચિતપણે થાય છે. લગ્ને મંગળ જાતકની પ્રકૃતિ ઉગ્ર, તામસિક,સાહસિક,હિંમતવાન થાય છે. મંગળ ક્રૂર ગ્રહ છે. તે લગ્નમાં મધ્યભાવ નજીક હોય તો જાતકને ક્રૂર બનાવે છે અને સ્વાભાવિક ક્રૂરતા અને અવિચારીપણું પત્નીને નડે છે. નડે અને દામ્પત્યને શાંત અને સુખી સંવાદી ન રહેવા દે. લગ્ને રહેલો મંગળ ચોથે પૂર્ણ દ્રષ્ટિથી જુએ ૪થું સ્થાન સુખ સ્થાન છે. જેમાં પત્નીના સુખનો પણ સમાવેશ થાય છે.ફળ દિપીકાના લેખક મંત્રેશ્વર ૪થા સ્થાનને સ્ત્રીઓ માટે, તેમના મિત્રો અને ચારિત્ર માટેનું સ્થાન ગણ્યું છે. આ ૪થા સ્થાનને આભડે તો તે અપવિત્ર બને. ૭મે પણ પડે તો સપ્તમભાવ અનિષ્ટ સંભવે. લગ્ન બેઠેલા મંગળની પૂર્ણદ્રષ્ટિ ૮મે પણ પડે. આ પુરૂષનો આયુષ્યભાવ અને સ્ત્રી માટે માંગલ્યભાવ(સૌભાગ્ય)નો ગણ્યો છે. સ્ત્રી માટે આ સ્થાન છે. અને આ સ્થાન પરની મંગળની દ્રષ્ટિ નિસંશય હાનીકારક તેથી મિશ્રીત રીતે મંગળદોષ કરે છે.

બીજો ભાવ કુટુંબભાવ છે. આ સ્થાનમાં મંગળ પડે તો કુટુંબમાં અશાંતિ જન્માવે અને આ મંગળ દ્રષ્ટિ આઠમે પણ પડે. આઠમું સ્થાન આયુષ્ય અને ઉપાધી સ્થાન છે. જે ઉત્પાતકારક છે. બીજોભાવ બળ વાન મારક સ્થાન છે જેમાં માંદગી આવે કે મૃત્યુ પણ નીપજાવે. પુરૂષ કુંડળીમાં આઠમુ સ્થાન પત્નીથી બીજું સ્થાન છે તેથી તેની પત્નીનું મારક સ્થાન છે.

કેટલાક જ્યોતિષીઓના મતે સપ્તમભાવને લગ્ન ગણી સપ્તમભાવથી પણ મંગળદોષ ગણવો જોઈએ. સપ્તમ સ્થાનથી ૧-૨-૪-૭-૮ અને ૧૨માં હોય તો મંગળદોષ થાય પરંતુ સપ્તમસ્થાનથી પહેલે મંગળ એટલે લગ્નથી સાતમે મંગળ,સાતમથી બીજે મંગળ એટલે લગ્નથી આઠમે મંગળ. તેમજ બીજે મંગળ એટલે લગ્નથી ગણતાં મંગળદોષમાં આ મંગળદોષ સમાઈ ગયેલો જ છે. માત્ર લગ્નથી ૧૦% અને ૬ઠે રહલા મંગળદોષ ઉમેરાય છે. જે સાતમભાવ પરત્વે કંઇને કંઈ હાની કરે છે. સમગ્ર વિચાર કરતાં કયો ભાવ મંગળ રહિત છે તે મુંઝવણભર્યો પ્રશ્ન છે. તેથી આપણે તટસ્થ રીતે દરેકભાવ પરત્વેના મંગળદોષ અને તેના અપવાદોને હવે પછી તપાસીશું.

## શ્રી કચ્છ નાગર પરિવાર - રાજકોટ

સંસ્થા દ્વારા તા. ૬/૧૧ થી ૧૬/૧૧ દરમ્યાન હરદ્વાર-ૠષીકેશના પ્રવાસનું આયોજન થઈ ગયું. જેનો ૭૦ જ્ઞાતિજનો જોડાયેલ. દહેરાદૂન એકસપ્રેસમાં સવારે ૧૨ વાગ્યે પ્રસ્થાન થયા બાદ રસ્તામાં પુરી શાક, મોહનથાળ અથાણાના ભોજનની વ્યવસ્થા તથા સમગ્ર પ્રવાસમાં દરેક સ્થળે નિવાસ, ભોજન, ચા નાસ્તાની સુંદર વ્યવસ્થા હતી. પ્રવાસ દરમ્યાન હરકી પેઢી, ૠષીકેશ ગંગા સ્નાન તથા ત્યાંના સ્થાનિક અનેક સ્થાનોની તેમજ દહેરાદૂન મસુરીની મુલાકાત લીધેલ. તેમજ આ સાથે રાજકોટ ખાતે થયેલ સામુહિક નવરાત્રિ ઘટસ્થાપનનું ઘટસ્થાન ધાર્મિક વિધિ સાથે ગંગામાં પધરાવેલ. સમગ્ર પ્રવાસ ગરબા, અંતાક્ષરી, ધાર્મિક કવીઝનો આનંદ માણેલ. સંસ્થા પ્રમુખ શ્રી મકરંદભાઈ વોરા, મંત્રી શ્રી વિભાકર અંજારીયા તથા કારોબારી સભ્યો શ્રી નૈષધ ધોળકિયા,વિમલ પાઠકની સતત દેખરેખ અને જહેમતથી પ્રવાસ આરામ અને આનંદથી સંપન્ન થયેલ.

## 'જયભારત સાથ જણાવવાનું કે...'

**લેખક : શ્રી યોગેશ અવાશીયા, ભાવનગર**

પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીના ધ્વજવંદન કાર્યક્રમમાંથી આવી, સ્વસ્થ થઈ હવે પછીનો બાકી દિવસ કેમ કયાં પસાર કરવો તેની મનમાં ગડમથલ ચાલી રહી હતી. ધ્વજવંદન પ્રસંગે પણ એજ સહુને મળવાનું થયું જે લોકો ઓફીસમાં પણ સાથે જ હોય. પણ હા, આજે ધ્વજવંદનમાં આવેલ એ જ સહુ કંઈક જુદા નિરાળા લાગતા હતા. હળવાફુલ ! હું પણ ઓફીસે જ ગયો હતો છતાં ઓફીસે જ ન ગયો હોઉં તેવી હળવાશ અનુભવતો રહયો...

ધ્વજવંદનમાંથી ઘેર પાછા ફરતાં ગરમાગરમ ગાંઠીયા અને જલેબી બંધાવી લીધેલાં. ટી.વી. સામે ગોઠવાઈ પરેડ-પ્રસારણ જોતાં જોતાં સહુએ તીખાં મરચાં, ગાંઠીયા અને જલેબી માણ્યા...ત્રણેયનો સ્વાદ જુદો છતાં મીઠાં લાગ્યાં !! (સ્વાદનો સમાજવાદ !?) ટી. વી. પર આઝાદી અમર રહો, પ્રજાસત્તાક અમર રહોના નારા ગુંજી રહયા હતા. મને મારાં બા યાદ આવી ગયાં. તે કહેતાં સ્કૂલેથી ધ્વજવંદનમાંથી પાછો ફર ત્યારે કેળાં લેતો આવજે, આજે છવ્વીસમી છે ને, ભૂલતો નહીં...!હું પણ કેળાં અચૂક લઈ આવતો. બાને મન ૧૫મી ઓગષ્ટ કે ૨૬મી જાન્યુઆરી એટલે તહેવાર ! બાકી બધી ૧૫મી કે ૨૬મી તારીખો જ ! તેના મતે કેળાંને તોલે કોઈપણ મીઠાઈ ન આવે !(પોસાવાની વાત ખૂબીથી ટાળી દેવાતી હશે ?) આજે ધ્વજવંદન માંથી પાછા ફરતાં જલેબી ગાંઠિયા લઈ જવા કોણે પ્રવૃત્ત કર્યો ? શું કેળાં લેતો આવજે...વાળાં બાએ સિંચેલા સંસ્કારે નહીં પ્રેર્યો હોય ? કે જસ્ટ જલેબી ગાંઠીયાનું આકર્ષણ ? સંસ્કારે જ પ્રેર્યો હોય તેમ માનવાનુ મન થાય છે. થેંકસ, બા !

ધ્વજવંદન પત્યા પછી અમે મિત્રો થોડી વાતોએ ચડી ગયેલા...'જયહિન્દ'કહી હળવાફુલ મૂડમાં છૂટા પડયા પણ જયહિન્દ બોલી મલકાતા મલકાતા છૂટા પડયા બાદ મનમાં કંઈક અજંપા જેવું વર્તાવા લાગ્યું. 'જયહિન્દ' ઉચ્ચારણમાં કેવી હળવાશ આવી ગઈ છે ?ઘરમાં એકલો પડતાં ફરી એ જ અજંપો ! કોને કહું ? સહુને કહેવા સમજવા જેવી વાત કેમ કહેવી ? આવો અજંપો મને એકલાને જ રહેતો હશે ? સહુ અનુભવે તો કેવું ? ચાલને, કશુંક લખી જ નાખું લખ્યું વંચાય કદાચ !! અને લખવા બેસી જ ગયો.

'જયહિન્દ'ના નારા અને આજ સાંભળેલ હળવાશભર્યા ઉચ્ચારણો વચ્ચે 'કવીટ ઈન્ડિયા''આઝાદી લે કર રહેંગે', 'સ્વતંત્રતા મારો જન્મસિદ્ધ હકક છે'...જેવા કેટલાયે બુલંદ નારાઓ ઠસ્સો ઠસ્સ ભર્યા છે... એ નારાઓ ખાલી ગેસ,ચુનો કે શાહીથી લખાયેલ નહીં પણ નામી અનામી શહીદોના લોહીથી રંજિત હતા. આજે જ્યારે 'જયહિન્દ'ના હળવાશભર્યા ઉચ્ચારણ પછી અનાયસે જ એક મિત્રએ પાનની પીચકારી મારી હતી...અજંપો વધુ ઘેરો બની રહેલ.(શહીદો અમને માફ કરજો કારણ અમને ખબર નથી અમે શું કરી રહયા છીએ !)પછી ઈધર ઉધરની વાતો કરી છૂટા પડતાં એક મિત્ર બોલેલો-''ચાલો ત્યારે કાલથી તો પાછું -જયભારત સાથ જણાવવાનું કે - શરૂ !!''

આ સાંભળી સહુ ખખડી પડયા !! જયહિન્દની બુલંદી ગુમાવ્યા પછીઓ ખખડાટ ?!)મન વિચારે ચડયું. આઝાદીનો નશો અખૂટ નહીં હોય શું ? ૬૦ વર્ષ જેટલો સમય જતાં હવે આઝાદી જુની થઈ ગણાય ? ઓલ્ડવાઈનની થીયરી આઝાદીને પણ લાગુ પડે તો કેવું ?

શરદપૂનમ કે સંક્રાતના બીજે દિવસે અખબારમાં ઉંધીયું જલેબી સફાચટ !ની હેડલાઈનની જેમ 'કેળાંની બધીજ લારીઓ સફાચટ થઈ જતાં લોકોએ જલેબી કે પેંડાથી મન મનાવ્યું' જેવી હેડલાઈન

વાંચવા મળે તો કેવું ? કેળાંને 'રાષ્ટ્રીય ફળ' ઘોષિત કરાય તેવી કલ્પના કરવી વધુ ગમે હો !

૧૫મી ઓગષ્ટ કે ૨૬મી જાન્યુઆરીની રજાની મજા સહુ પોતાના કાર્ય સ્થળે કે પછી નજીકમાં યોજાતા ધ્વજવંદનમાં હાજર રહી પછી જ શરૂ કરે તો કેવું ? આજે ધ્વજવંદનમાં હાજર ન રહી શકેલ અમારો કોઈ સહકર્મી મિત્ર રજાચિઠી મોકલે કે... 'સાહેબશ્રી, જયભારત સાથ જણાવવાનું કે.......... કારણોસર ધ્વજવંદનમાં હાજર ન રહી શકવાના ખેદ સાથે મારી પરચુરણ રજા મંજૂર કરવા સાદર વિનંતી છે.' અને કદાચ રજા ચિઠીમાં વ્યકત થયેલ ખેદમાં સાહેબને પેલી 'જયહિન્દ'ની બુલંદી સંભળાય જાય અને મંજૂર લખવાને બદલે 'મંજૂર જયહિન્દ' લખી સહી કરે તો કેવું ? !! રજાચિઠી પણ પવિત્ર બનાવી શકાય ! જયહિન્દ !!

## ભૂમિ ઢેબરના કલાત્મક ચિત્રોનું પ્રદર્શન યોજાયું

ગત તા. ૨૧થી ૨૫ ડીસેમ્બર દરમ્યાન અમદાવાદના કુ. ભૂમિ અશોકભાઈ ઢેબરનું રંગો અને પીંછીની કરામતથી સંગીત અને પ્રકૃતિના સુભગ સમન્વયનું હૂબહૂ નિરૂપણ કરતું પોતાનું સ્વતંત્ર (સોલો) ચિત્ર પ્રદર્શન અનાયસ આર્ટ ગેલેરી ખાતે યોજાય ગયું. વાદ્યસંગીતના સાધનોના કલાત્મક પેઈન્ટીંગ સાથેના આમંત્રણ કાર્ડમાં તેણીએ લખેલ છે કે સંગીત મારાં જીવનનું અભિન્ન અંગ છે. તેમાં પણ વાદ્ય સંગીતનાં સાધનોના આકારો સાથેનું મારૂં તાદાત્મ્ય મને આ થીમ તરફ ખેંચી ગયું.તેમાંથી આકારોને સાદું સ્વરૂપ આપી તેમાંથી નીકળતા તીવ્ર અને મંદ સ્વરોને પણ આગવુ સ્થાન આપી વિવિધ કલાકૃતિઓનું સર્જન કર્યું છે.

ધન્યવાદને પાત્ર કલાસાધના જારી રાખો અને ઠેર ઠેર પ્રદર્શન યોજી અન્યને પ્રેરક બનો તેવી શુભેચ્છા.